અમદાવાદ સાબરમતી મેરેથોનની ૨૧.૦૯૭ કિ.મી.ની હાફ મેરોથનમાં...

ગાંધીનગર રનર્સ કલબનાં દોડવીરોએ જૂસ્સાભેર મેડલ વિનીંગ દોડ લગાવી

ગાંધીનગર, તા. ૭

સાબરમતી મેરેથોન અમદાવાદ સતત ત્રીજા વર્ષે યોજાઈ હતી. શિયાળાની શીત લહેરનાં સુસવાટા વચ્ચે જોમ અને જૂસ્સાથી થનગનતાં ૧૮૦૦૦થી અધિક

દોડવીરને ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ફ્લેગ ઑફ કરવી મેરેથોન પ્રારંભ કરાવ્યો હતો.

અમદાવાદની આ વખતની મેરેથોનમાં ગત વર્ષ કરતાં બમણાં ઉત્સાહ દેખાયો હતો. કુલ મેરેથોન ૪૨ કિ.મી.માં ૯૦૦, હાફ મેરેથોન ૨૧ કિ.મી.માં ૨૫૦૦ અને ડ્રીમરનની ૭ કિ.મી.ની દોડમાં ૧૬૦૦૦થી વધુ અબાલ-વૃદ્ધ, ભારતીય અને વિદેશી દોડવીરોએ ભાગ લઈ અમદવાદનાં મુખ્યમાર્ગોને માનવ મહેરામણથી છલકાવી દીધો હતો.

અમદવાદની આ મેરેથોનમાં ગાંધીનગર રનર્સ કલબનાં ૧૩ રનર્સે ભાગ લીધો હતો. ગાંધીનગર રનર્સ કલબએ નોન પ્રોફેશનલ દોડવીરોની બનેલી છે. ગાંધીનગરનાં ડૉક્ટર, એન્જિનીયર, સરકારી અધિકારી, બિઝનેશ મેન, મેનેજર, સાહિત્યકાર જેવાં વિવિધક્ષેત્રમાંથી આવતાં આ દોડવીરોને તૈયાર કરવાનું ચેલેન્જિંગ કામ કલ્પતરૂ કંપનીનાં સી.ઈ.ઓ અને પ્રેસિડેન્ટ એવાં શ્રી બી.કે. સતીશે કર્યું છે. એકાદ વર્ષ પહેલાં ૨-૩ કિ.મી. દોડતાં હાંફી જતાં સૌ દોડવીરોને ટ્રેઈન કરવાનું અને પ્રોત્સાહન આપવાનું કામ કરી ૨૧.૦૯૭ કિ.મી. જેવી લાંબી દોડ નિશ્ચિત સમયમાં પૂરી કરાવી મેરેથોનમાં મેડલ જેવું ગૌરવ અપાવ્યું છે.

સાબરમતી મેરેથોનમાં ગાંધીનગર રનર્સ કલબનાં ડૉ.ગુંજન જૈન, ઈન્દ્રસિંહ વાઘેલા, ભાવેશ એરડા, સંજય થોરાત, બ્રજેશ કુમાર, દિપક સકસેના, પ્રવીણ નાયર, ડૉ. જીજ્ઞેશ રાજવીર, ફિરોઝખાન રાઠોડ, કેયુર કેસ્લીવાલ, મયુર થાનકી, રાજવીરસિંહ ચાવડા અને ગ્રુપ લીડર બી.કે. સતીશે ૨૧.૦૯૭ કિ.મી. માં ભાગ લઈ સુંદર ટાઈમીંગ સાથે જૂસ્સાભેર મેરેથોન પૂર્ણ કરી ફિનીશનરનો મેડલ પ્રાપ્ત કર્યો છે.

બી. કે. સતીષ ગાંધીનગરના દોડવીરોને પ્રોત્સાહિત કરે છે

કલ્પતરૂ પાવર ટ્રાન્સમિશન લી. કંપનીના સી.ઈ.ઓ. અને પ્રેસિડેન્ટ શ્રી બી.કે. સતીષ જવાબદારી ભર્યા કામનાં અત્યંત ભારણ વચ્ચે પણ નિયમિત પૂનિત વન જઈ દોડ લગાવે છે...ત્રણ વર્ષ પૂર્વે માત્ર બે સભ્યોથી શરૂ કરેલી ગાંધીનગર રનર્સ કલબમાં આજે ૧૩ સભ્યો છે કે જે દરેકે અમદાવાદની સાબરમતી મેરેથોન મેડલ સાથે પૂર્ણ કરી છે. ચુસ્ત અને સ્ફુર્તિવાન શ્રી બી.કે. સતીષ આના પહેલાં બે વાર દિલ્હી અને બે વાર અમદાવાદ મેરેથોન દોડી ચૂક્યાં છે. ૧૯ કિ.મી. માઉન્ટ આબુનું કપરૂ ચઢાણ દોડીને કરેલું છે. દર વર્ષે નોકરીમાં રજા રાખ્યા વગર અંબાજી પગપાળા જાય છે. ગાંધીનગર રનર્સ કલબના સભ્યોને દર રવિવારે ૧૦ કિ.મી.ની નિયમિત પ્રેકટીસ કરાવતા શ્રી બી.કે. સતીષનાં વિઝન અને મેન્ટરશીપ હેઠળ સૌએ મેરેથોન પૂર્ણ કરી છે.. મજાની વાત તો એ છે કે સતત દોડતા રહેતાં અને સૌને દોડાવતાં રહેતાં થનગનાટ ભર્યા શ્રી બી.કે. સતીષ માત્ર ૬૦ વર્ષની યુવા વય ધરાવે છે..! મેરેથોનમાં મેડલ મેળવવો હોય તો જરાં આમને મળી લેજો, મેડલ પાક્કો થઈ જશે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાની દસ ગ્રામ પંચાયતોની ત્રીજી ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાશે

માણસાની ૭, દહેગામની બે અને કલોલની એક ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાશે : ૧૫મીએ જાહેરનામુ બહાર પડશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાની ૧૦ ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજવા અંગેની આજે જાહેરાત કરવામાં આવી છે. જેમાં માણસા તાલુકાની ૭, દહેગામ તાલુકાની બે અને કલોલ તાલુકાની એક પંચાયતની ચૂંટણી યોજાશે.

આજે જાહેર થયેલ કાર્યક્રમ મુજબ આ ચૂંટણી અંગેનું જાહેરનામુ ૧૫મી જાન્યુઆરીએ બહાર પડશે. ૨૧મી જાન્યુઆરી સુધી આ ચૂંટણી માટે ઉમેદવારીપત્રો ભરી શકાશે. ૨૨મી જાન્યુઆરીએ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે જ્યારે ૨૩મી જાન્યુઆરી ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ રહેશે.

જાહેર થયેલ આ કાર્યક્રમ મુજબ ૩જી ફેબ્રુઆરીએ મતદાન યોજાશે જ્યારે પાંચમી ફેબ્રુઆરીએ મતગણતરી હાથ ધરવામાં આવશે. આ ગ્રામપંચાયતો સમરસ બનશે તો તેમને સરકારની વિવિધ યોજનાઓનો લાભ પણ મળશે.

૧૦ સરપંચ અને ૮૮ વોર્ડની આ ચૂંટણી યોજવા અંગેની તંત્રએ તૈયારીઓ કરી લીધી છે. આ માટે મતદાન મથકો પણ આખરી કરી દેવામાં આવ્યા છે તેમજ તેના ચૂંટણી અધિકારીઓ પણ નિયુક્ત કરી દેવામાં આવ્યા છે.

પંચાયતોની આ ચૂંટણીમાં પહેલીવાર સરપંચોની ચૂંટણી માટે ખર્ચની મર્યાદા લાગુ કરવાનો ચૂંટણીપંચે નિર્ણય કર્યો છે. સરપંચની ચૂંટણીમાં વોર્ડવાર ૧ હજાર રૂ.નો ખર્ચ નિયત કરવામાં આવ્યો છે.

જિલ્લામાં સૌથી મોટી પંચાયત કલોલ તાલુકાની સઈજ છે જેમાં ૨૫ વોર્ડ છે જ્યારે બાકીની તમામ પંચાયતોમાં સાત વોર્ડ છે.

જે ગામોમાં ચૂંટણી યોજાવાની છે તેમાં માણસા તાલુકાની બદપુરા, ઈશ્વરપુરા, લાકરોડા, હિંમતપુરા, ફુવાદરા, વિજયનગર અને પાટણપુરા પંચાયત તેમજ દહેગામ તાલુકાની વારડોલી કાંઠી અને કૃષ્ણનગર કાંઠી ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.

જિલ્લામાં એમ.ઓ.યુ. થયેલ ૪૫માંથી ૧૬ પ્રોજેકટ પડતા મુકાયા

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૧ વાયબ્રન્ટ સમીટમાં થયેલા મધ્યમકદના ઉદ્યોગોના ૪૫ એમ.ઓ.યુ.માંથી ૧૬ એમ.ઓ.યુ. પડતા મુકવામાં આવ્યા છે જ્યારે ૨૭માં ઉત્પાદન ચાલુ થઈ જવા પામ્યું છે. અને બે એકમોમાં કામગીરી હજુ ચાલુ હોવાથી તે ફેબ્રુઆરી ૨૦૧૩માં કાર્યરત થશે.

મળતી વિગતો પ્રમાણે જે ૧૬ પ્રોજેકટ પડતા મુકાયા છે તેમાં જમીનની ઉપલબ્ધિ તો ક્યાંક બેંકની લોન ન મળવાનું કારણ પણ સામે આવવા પામ્યું છે. જો કે મોટા ભાગના પ્રોજેકટસમાં જમીનની ઉપલબ્ધિ જ નહિ હોવાનું જવાબદાર જણાયું છે.

જિલ્લામાં વાયબ્રન્ટ સમીટ દરમિયાન વધુમાં વધુ આ વખતે એમ.ઓ.યુ. થાય તે માટેના તંત્ર દ્વારા પ્રયાસો ચાલુ છે. જો કે આ વખતે જુદા જુદા સેકટરોમાં પ્રોજેકટસની ચકાસણી ચાલી રહી છે.

જિલ્લામાં લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગો ઉપરાંત આઈ.ટી.ના સેઝમાં નવા એકમો આ વખતે આવે તેવી શકયતાના નિર્દેશ વધુ મળી રહ્યા છે. જિલ્લામાં જે પ્રોજેકટસ પડતા મુકવામાં આવ્યા છે તેમાં એક ખાદ્ય તેલ ઉત્પાદનનો, રોલીંગ મિલના વિસ્તરણનો એક એનીમલ ફીડના પ્રોજેકટનો પણ સમાવેશ થાય છે.

પાસપોર્ટ ફોટો માટે સ્ટુડીયોમાં ભારે ભીડ

ગાંધીનગર, તા. ૭

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સુરક્ષા બંદોબસ્તને લઈ કડક પગલાં લેવાયા છે ત્યારે કામગીરી સાથે સંકળાયેલા કોઈપણને ઓળખકાર્ડ વગર એન્ટ્રી આપવામાં આવશે નહી. શહેરના આંગણે હાલ ઘણી ખરી એજન્સીઓ કામે લાગી છે. આ તમામના ઓળખકાર્ડ માટે ફોટાની અનિવાર્યતા હોવાથી શહેરના વિવિધ સ્ટુડીયોમાં પણ પાસપોર્ટ સાઈઝના ફોટા મેળવવા માટે ભીડ થતી હોવાનું ધ્યાને આવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની ૧૫મીએ સામાન્ય સભા યોજાશે

વિવિધ સમિતિઓની રચના અંગેની કાર્યવાહી હાથ ધરાશે

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૧૫મી જાન્યુઆરીએ યથાવત રાખવામાં આવી છે.

રાજય સરકારે વાયબ્રન્ટ સમીટના આયોજનને પગલે ૧૨મી જાન્યુઆરીની ગાંધીનગરની સરકારી કચેરીઓની રજા રદ કરી અને ૧૫મીએ રજા આપવાનો નિર્ણય કરતાં પંચાયતની સામાન્ય સભાને લઈ તારીખ બદલાશે તેવી ચર્ચાએ જોર પકડયું હતું.

જો કે પંચાયતના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લા પંચાયતના સત્તાવાળાઓ સામાન્ય સભાની તારીખ અગાઉથી જાહેર થઈ ગઈ હોવાથી તેમાં કોઈ જ ફેરફાર નહિ કરવાનો નિર્ણય કર્યો છે.

મળતી વિગતો પ્રમાણે સામાન્ય સભાની આ બેઠકમાં પંચાયતની વિવિધ સમિતિઓની રચના અંગેની કાર્યવાહી હાથ ધરાવાની છે. આ સામાન્ય સભાને લઈ રાજકીય વર્તુળોમાં પણ ઉત્તેજનાઓ પ્રવર્તી રહી છે. જો કે કોંગ્રેસના નેતાએ હજુ સમિતિઓની પુનઃરચનાને મુદ્દે મગનું નામ મરી પાડયું નથી અને વ્યુહરચનાના કાર્ડ છાતી સરખા જ રાખ્યા છે.

ગાંધીનગરમાં ઠંડી ૮.૪ ડિગ્રી

ગાંધીનગર, તા. ૭

ઠંડીનો કહેર હજુ ઓછો થયો નથી. કોલ્ડવેવની અસર છેલ્લા અઠવાડિયાથી છે. આજે નજીવા ઘટાડા સાથે લઘુત્તમ તાપમાન ૮.૪ ડિગ્રી જેટલું રહ્યું હતું. ઠાર અને પવનના કારણે ઠંડીનો અનુભવ વધુ થઈ રહ્યો છે.

વસાહતીઓને દિવસે પણ બે-ત્રણ ગરમ વસ્ત્રોનો સહારો લેવો પડે તેવી કાતિલ ઠંડી છેલ્લા એક અઠવાડિયાથી અનુભવાઈ રહી છે. કાતિલ ઠંડીના મોજામાં વસાહતીઓ થર થર ધ્રુજી રહ્યા છે. વહેલી સવારે ઠંડીના કારણે વસાહતીઓ ઘરની બહાર નીકળવાનું ટાળે છે. સેકટરોના આંતરિક રસ્તાઓ ઉપરાંત મુખ્ય માર્ગો પણ સાંજ પડતાં જ સુમસામ થઈ જાય છે. કડકડતી ઠંડીના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. અને પશુ-પક્ષીઓ પણ હાલાકી ભોગવી રહ્યા છે. બરફના ચોસલા પરથી પવન ફૂંકાતો હોય તેવો ઠંડો પવન આખો દિવસ ચાલુ રહે છે. તડકામાં બેસીને ઠંડી ઉડાવવાનો પ્રયાસ વસાહતીઓ કરી રહ્યા છે. મકરસંક્રાંતિ સુધી આવુ જ વાતાવરણ રહેશે તેવી આગાહી હવામાન ખાતાએ કરી છે.

પી.એસ.આઈ. પી.સી. વલેરાને પી.આઈ. તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પોલીસવડાની કચેરીમાં વાયરલેસ

પોલીસ સ્ટાફ ઈન્સ્પેક્ટર તારીકે ફરજો બજાવતા શ્રી પી. સી. વલેરાને વાયરલેસ પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી આપતા હુકમ જારી કરવામાં આવ્યા છે.

રાજયના ગૃહ વિભાગે ૧૧ જેટલા વાયરલેસ પોલીસ સબ ઈન્સ્પેક્ટરોને પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે બઢતી ઈપતા હુકમો જારી કર્યા છે. શ્રી વલેરાને ગાંધીનગર જિલ્લામાં જ બઢતી આપવામાં આવી છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

નમ્ર વિનંતી
પ્રવેશ સંપૂર્ણ બંધ છે.
વિવેકાનંદ એકેડમી M:7359341717

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com